ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગર

જા.નં.એકા./૬૭/૧૧૯૩ તા.૩૦/૪/૨૦૨૪

શ્રી સીની.બ્રાન્ચ મેનેજર/બ્રાન્ચ મેનેજર/ઈન્સ્પેકટર,
શાખાઃ...........................(તમામ)

વિષયઃ– તા.૧/૫/૨૦૨૪ થી થાપણોના વ્યાજના દરમાં ફેરફાર કરવા બાબત.

જયભારત સાથે ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, રાષ્ટ્રીયકૃત બેંકોએ તેમજ અન્ય બેંકોએ તાજેતરમાં બાંધી મુદત થાપણના વ્યાજના દરમાં ફેરફાર કરેલ છે. તેને અનુલક્ષીને આપણી બેંકે પણ નીચે જણાવેલ થાપણોના વ્યાજના દરમાં તા.૧–૫–૨૦૨૪થી નીચે મુજબનો ફેરફાર કરેલ છે. હવેથી એટલે કે તા.૧–૫–૨૦૨૪થી થાપણોના વ્યાજના દર નીચે મુજબના રહેશે. તો તે મુજબના વ્યાજના દરે થાપણો સ્વિકારશો. અગાઉ તા.૬–૭–૨૦૨૩ ના જા.નં. એકા. ૬૬/૪૧૮૪ થી જે વ્યાજના દર આપેલ છે તે તા.૧–૫–૨૦૨૪થી રદ થાય છે.

(૧) બાંધી મુદત થાપણઃ

| અ. નં. | મુદત | તા.૧/૫/૨૦૨૪થી અમલમાં આવતાં વ્યાજના દર | સીનીયર સીટીઝન્સને આપવાના વ્યાજના દર |
|---|---|---|---|
| ૧ | ૭ દિવસથી ૧૪ દિવસ સુધી | ૪.00% | ૪.00% |
| ૨ | ૧૫ દિવસથી ૪૫ દિવસ સુધી | ૪.00% | ૪.00% |
| ૩ | ૪૬ દિવસથી ૯૦ દિવસ સુધી | ૫.00% | ૫.00% |
| ૪ | ૯૧ દિવસથી ૧૭૯ દિવસ સુધી | ૫.00% | ૫.00% |
| ૫ | ૧૮૦ દિવસથી ૨૭૦ દિવસ સુધી | ૫.૭૫% | ૫.૭૫% |
| ૬ | ૨૭૧ દિવસથી ૩૬૬ દિવસ સુધી | ૬.00% | ૬.00% |
| ૭ | ૩૬૭ દિવસથી ૭૩૧ દિવસ સુધી | ૭.00% | ૭.૫૦% |
| ૮ | ૭૩૨ દિવસથી ૧૦૯૬ દિવસ સુધી | ૭.00% | ૭.૫૦% |

ઉપરોકત ફેરફાર તા.૧–૫–૨૦૨૪ના રોજ અને તે પછી મુકવામાં આવતી નવી તેમજ પાકતી તારીખે રીન્યુ થતી થાપણો ઉપર લાગુ પડશે.

સીનીયર સીટીઝન્સને વધુ વ્યાજનો દર આપવા બાબતે અત્રેના પરિપત્ર નં.એકા.૪૪/૨૬૦૨૬ તા.૩૧–૧૨–૦૧ ની સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયાની છેલ્લી માર્ગદર્શીકા મુજબ થાપણ તેમજ ધીરાણના દર નોટીસ બોર્ડ ઉપર મુકવા ફરજીયાત હોઇ તમામ પ્રકારની થાપણો તેમજ તમામ પ્રકારના ધિરાણના વ્યાજના દર શાખાના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરશો. આ અંગેની તમામ જવાબદારી શાખાના બ્રાન્ચ મેનેજરશ્રીની રહેશે.

**નોંધઃ તમામ શાખાઓએ અત્રેના પત્ર નં.એકા.૬૧/૧૪૬૮૨,તા.૭/૩/૧૯થી જણાવ્યા મુજબ ફરજીયાત કોમ્પ્યુટરાઇઝડ જ રસીદ ઇસ્યુ કરવાની રહેશે.**

ચીફ એકઝીકયુટીવ

નકલ રવાનાઃ

૧. શ્રી વ.ક.ના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

૨. શ્રી બ્રા.ઇ.ઓફીસર,(તમામ)વ.ક.હિંમતનગર તરફ જાણ તથા પરિપત્રનો ચુસ્તપણે અમલ થાય છે કે કેમ? તેની મુલાકાત સમયે ચકાસણી કરવા સારૂ.

૩. શ્રી સીની.મેનેજર, કોમ્પ્યુટર વિભાગ તરફ જાણ તેમજ સીબીએસ સીસ્ટમમાં નિયત સમયમાં જરૂરી સુધારો કરી લેવડાવવા તથા બેંકની વેબસાઇટ પર આ સુધારો અપલોડ કરાવવા સારૂ.